M.A.T. વિભાગની સમજૂતી માટે વિસ્તૃત જવાબો સાથેની નવી આવૃત્તિ

# N.M.M.S.

**પરીક્ષાની તૈયારી કરવા માટે ગુજરાતમાં સૌથી વધુ વેચાણ ધરાવતું પુસ્તક**

# અલંકાર વિદ્યાર્થીમિત્ર

## [ પ્રેક્ટિસ વર્ક, સ્વાધ્યાયપોથી અને માર્ગદર્શિકા ]



### વિશેષતાઓ...

- ખૂબ જ ઓછા સમયમાં સંપૂર્ણ તૈયારી કરવા માટેનું પુસ્તક..
- NCERT મુજબ નવા અભ્યાસક્રમ પ્રમાણે અભિયોગ્યતા કસોટી વિભાગ..
- ગત વર્ષ 2019, 2020 અને 2021ના પ્રશ્નપત્ર તથા વિગતવાર સોલ્યૂશન..
- બન્ને વિભાગોમાં પૂરતા પ્રશ્નો અને જવાબો...
- 2018નું પ્રશ્નપત્ર મેળવવા QR Code

વિદ્યાર્થીનું નામ :

વર્ગ : હાજરી નંબર :

શાળાનું નામ :

વર્ગશિક્ષકશ્રીનું નામ :

010923

Z-18

અલંકાર પબ્લિકેશન
Contact us.
9726437575
alankarpublication@yahoo.com
www.alankarpublication.com
like us : alankarpublication

Alankar® Publication

M.R.P.:₹ :250.00

# પ્રસ્તાવના

વર્તમાન સમયમાં અભ્યાસ અને કારકિર્દીના ક્ષેત્રમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓનો વ્યાપ વિસ્તર્યો છે. આ સ્પર્ધાઓ વ્યક્તિને પોતાનામાં પડેલા **શ્રેષ્ઠ તત્ત્વને બહાર લાવવાની તક પૂરી પાડે છે.** સરકારી કે ગ્રાન્ટેડ શાળાઓમાં ધોરણ-8માં અભ્યાસ કરી રહેલી તેજસ્વી બાળપ્રતિભાઓને ખીલવાનો અને ખૂલવાનો અણમોલ અવસર પ્રદાન કરતી સ્પર્ધાત્મક પરીક્ષા એટલે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષ લેવામાં આવતી **NMMS (National Means cum Merit Scholarship).** વર્ષ-2011થી આ પરીક્ષા લેવામાં આવે છે. દર વર્ષે દોઢ લાખથીયે વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપે છે. તેમાં જિલ્લાવાઈઝ તૈયાર કરાયેલ મેરિટયાદીમાં સ્થાન પામેલાં 5000 જેટલાં વિદ્યાર્થીઓને ભારત સરકારના માનવસંસાધન અને વિકાસ મંત્રાલય, નવી દિલ્હી તરફથી ધોરણ-9થી 12ના અભ્યાસ દરમિયાન **પ્રતિ માસ રૂ. 1000/- શિષ્યવૃત્તિ બેંક મારફત ચૂકવાય છે.** આમ, આ પરીક્ષા બાળકોને આગળના અભ્યાસ માટે આર્થિક રીતે સારી એવી મદદ પૂરી પાડે છે.

આ પરીક્ષામાં મુખ્ય બે વિભાગો : **(1) માનસિક અભિયોગ્યતા અને (2) અભ્યાસિક અભિયોગ્યતા** હોય છે. જેમાં માનસિક અભિયોગ્યતા વિભાગમાં 90 ગુણના પ્રશ્નો તેમજ અભ્યાસિક અભિયોગ્યતા વિભાગમાં ગણિત-30 ગુણ, વિજ્ઞાન-30 ગુણ અને સામાજિક વિજ્ઞાન-30 ગુણ મળીને કુલ 90 ગુણના પ્રશ્નો પૂછાય છે. જેમાં વિષયવસ્તુ ધોરણ-7 તથા 8ના પ્રથમ સત્ર સુધીના પાઠ્યક્રમમાંથી હોય છે. આમ, કુલ 180 પ્રશ્નોનું પ્રશ્નપત્ર રહે છે.

આ પુસ્તકમાં માનસિક અભિયોગ્યતા કસોટી માટે છેલ્લાં સાત વર્ષનાં પ્રશ્નપત્રોનાં અવલોકનના આધારે તારવવામાં આવેલા કુલ 24 પેટર્ન પ્રશ્નો વિશેષ સમજૂતી, ઉદાહરણ સાથે આપવામાં આવ્યાં છે. જેથી બાળકો આ વિભાગની ઉત્તમ તૈયારી કરી શકે. વિષયવસ્તુના વિભાગમાં પણ પાઠ્યક્રમના જરૂરી તમામ મુદ્દાઓનો સમાવેશ થઈ જાય તે રીતે પ્રશ્નો મૂકવામાં આવ્યા છે. બંને વિભાગમાં કુલ મળીને **2300થી પણ વધુ પ્રશ્નો** આપવામાં આવ્યા છે. જેનો મહાવરો બાળકને આ પરીક્ષા માટે પૂર્ણતઃ સુસજ્જ બનાવશે. આ ઉપરાંત બાળકને પરીક્ષાપદ્ધતિનો પૂરતો ખ્યાલ મળી રહે એ માટે નમૂનારૂપ આદર્શ પ્રશ્નપત્ર તથા OMR SHEETનો નમૂનો પણ આપવામાં આવ્યો છે.

**છેલ્લાં બે વર્ષોમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા N.M.M.S. કસોટીના પ્રશ્નપત્રની રૂપરેખામાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે. જેને અનુલક્ષીને આ પુસ્તકમાં પણ જરૂરી ફેરફારો કરી એ બાબતોને સમાવવામાં આવી છે. તદ્ઉપરાંત આ પ્રેક્ટિસવર્કમાં માત્ર સાંકેતિક જવાબચાવી આપવાના બદલે વિદ્યાર્થી સંપૂર્ણ સમજ પ્રાપ્ત કરી શકે તે ઉદ્દેશ્યથી વિસ્તૃત વર્ણન સાથેની જવાબચાવીઓ રજૂ કરવામાં આવી છે. વર્ષ 2018થી 2023 સુધીમાં N.M.M.S. પરીક્ષામાં પૂછાયેલા વિભાગ-1. માનસિક અભિયોગ્યતા કસોટી (M.A.T.)નું પ્રશ્નપત્ર તેના સમજૂતી સાથેના જવાબો સહિત સામેલ કરવામાં આવ્યું છે. આ રીતે આ પુસ્તક બાળક માટે એક ટોટલ લર્નિંગ પેકેજ બની રહેશે. હાલમાં સરકારશ્રી દ્વારા જ્ઞાન સાધના યોજના અન્વયે રાજ્યકક્ષાએથી ધોરણ-8ના બાળકો માટે શિષ્યવૃત્તિ પરીક્ષા લેવામાં આવે છે. તેની તૈયારી માટે પણ આ પુસ્તક મહદ અંશે ઉપકારક બની રહેશે. બાળકો એક જ પુસ્તક વડે બે અલગ-અલગ પરીક્ષાઓની તૈયારી કરી શકશે જે આનંદની વાત છે.**

આમ તો આ પુસ્તકની રચના એવી રીતે કરવામાં આવી છે કે **બાળક જાતે જ સંપૂર્ણ તૈયારી કરી શકે.** શિક્ષકો અને વાલીઓ આ પુસ્તકની મદદથી વિદ્યાર્થીને વધુ સારી તૈયારી કરવામાં માર્ગદર્શક બની શકે તેવું આયોજન પણ આ પુસ્તકમાં છે.

વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી થાય એવું આ પુસ્તક તૈયાર કરવામાં સહાયરૂપ થયેલા સહુનો હૃદયપૂર્વક આભાર.

— લેખક અને પ્રકાશક

Very unique to learn.....
Alankar® Publication

અલંકાર પબ્લિકેશન

## મનમાં કેટલાંક ઉદ્‌ભવતાં પ્રશ્નોનું નિરાકરણ

**પ્રશ્ન-1 : N.M.M.S.ની પરીક્ષા કોણ આપી શકે ?**

**ઉત્તર :** ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-8માં સરકારી ગ્રાન્ટેડ શાળામાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી શકે છે. તેમના પરિવારની વાર્ષિક આવક 1,50,000 કરતાં વધુ ન હોવી જોઈએ.

**પ્રશ્ન-2 : શું સ્વનિર્ભર પ્રાથમિકશાળામાં અભ્યાસ કરતું બાળક આ પરીક્ષા આપી શકે ?**

**ઉત્તર :** ના. નોન ગ્રાન્ટેડ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો આ પરીક્ષા આપી શકતા નથી.

**પ્રશ્ન-3 : આ પરીક્ષા પાસ કરવાથી કેટલી શિષ્યવૃત્તિ મળે ?**

**ઉત્તર :** શિષ્યવૃત્તિ મેળવવા માટે પરીક્ષામાં માત્ર પાસ થવું પૂરતું નથી. આ એક સ્પર્ધાત્મક પરીક્ષા છે. જેમાં મેરિટના આધારે પસંદગી પામેલ વિદ્યાર્થીઓને ધોરણ-9થી 12 ના અભ્યાસ માટે પ્રતિ માસ રૂા. 1,000/- લેખે કુલ રૂ. 48,000/- શિષ્યવૃત્તિ મળે છે. ગુજરાત રાજ્યમાં દર વર્ષે એકથી દોઢલાખ બાળકો આ પરીક્ષા આપે છે. જે પૈકી 5097 વિદ્યાર્થીઓને મેરિટના ધોરણે આ શિષ્યવૃત્તિ મળી શકે છે.

**પ્રશ્ન-4 : શું સમગ્ર ગુજરાતની સળંગ મેરિટ યાદી હોય છે ?**

**ઉત્તર :** ના. N.M.M.S. શિષ્યવૃત્તિ માટે જિલ્લા વાઈઝ અલગ મેરિટ યાદી તૈયાર થાય છે. ગુજરાત રાજ્યની કુલ 5097 પૈકી જિલ્લા દીઠ ક્વોટા નક્કી કરાય છે. તેમજ તે મુજબ જે તે જિલ્લાનું મેરિટ તૈયાર કરાય છે.

**પ્રશ્ન-5 : આ પરીક્ષામાં મેરિટમાં સ્થાન મેળવવા શી તૈયારી કરવી જોઈએ ?**

**ઉત્તર :** આ પરીક્ષામાં કુલ બે વિભાગો હોય છે. (1) માનસિક અભિયોગ્યતા કસોટી અને (2) શાળાકીય અભિયોગ્યતા કસોટી. જેના પ્રશ્નપત્રના માળખાને અનુરૂપ સંપૂર્ણ તૈયારી કરાવતું પુસ્તક "અલંકાર વિદ્યાર્થી મિત્ર N.M.M.S. પ્રેક્ટિસ વર્ક" આપે પસંદ કર્યું છે તે બદલ સૌ પ્રથમ આપને ખૂબ ખૂબ અભિનંદન. આ પુસ્તકમાં આપેલ રીતો સમજી અને સ્વાધ્યાયનો મહાવરો કરવાથી નિશ્ચિત પણે સારું પરિણામ મેળવી શકાય છે. આ ઉપરાંત વિશેષ તૈયારી માટે ધોરણ-7 અને ધોરણ-8ના ગણિત, વિજ્ઞાન તેમજ સામાજિક વિજ્ઞાનના વિષયના પાઠ્યપુસ્તકોનું સમજપૂર્વક અધ્યયન આપને ઉપયોગી નીવડશે.

**પ્રશ્ન-6 : આ પરીક્ષા માટે કોઈ ઑનલાઈન ક્લાસ ઉપલબ્ધ છે ?**

**ઉત્તર :** દીક્ષા પોર્ટલ પર સંધાન-NMMS નામથી નિ:શુલ્ક ઑનલાઈન વર્ગ ઉપલબ્ધ છે. તદ્ઉપરાંત ગુજરાત શૈક્ષણિક અને ટેક્નૉલોજી ભવનની યુટ્યૂબ ચેનલ G.I.E.T. ઉપર પણ N.M.M.S.સંધાન શીર્ષકથી આ પરીક્ષા વિડિયોઝ ઉપલબ્ધ છે.

**પ્રશ્ન-7 : આ પરીક્ષાનું માળખું કેવું હોય છે ?**

**ઉત્તર :** પરીક્ષામાં કુલ 180 ગુણના 180 પ્રશ્નો પૂછાય છે. દરેક પ્રશ્ન એક ગુણનો હોય છે. M.C.Q. એટલે કે બહુવિકલ્પ પ્રશ્નોના ઉત્તર OMR ઉત્તરવાહીમાં વર્તુળને ઘાટું કરીને (●) ઉત્તર આપવાના હોય છે. જેની ચકાસણી સંપૂર્ણ કમ્પ્યૂટરાઈઝ્ડ પદ્ધતિથી થાય છે. પરીક્ષાનો સમય 3 કલાક એટલે 180 મિનિટનો હોય છે.

**પ્રશ્ન-8 : M.A.T. વિભાગમાં કેવા પ્રશ્નો પૂછાય છે ?**

**ઉત્તર :** આમ તો 90 ગુણના આ વિભાગ માટે કોઈ નિશ્ચિત માળખું સ્વીકારાયું નથી; પરંતુ વિદ્યાર્થીની માનસિક અભિયોગ્યતા ચકાસી શકાય તેવા અંક શ્રેણી, આકારનું વિશ્લેષણ, ચડતો-ઊતરતો ક્રમ, સંકેતીકરણ, અલગ વિકલ્પ, દર્પણ આકૃતિ, સમસંબંધ, નિશાની બદલવી, લોહીના સંબંધો, દિશાઓની ઓળખ, વય આધારિત કોયડાઓ વગેરે પ્રકારના પ્રશ્નો પૂછાતા હોય છે. છેલ્લા દસ વર્ષના પ્રશ્નપત્રોનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કર્યા પછી આ પુસ્તકનો M.A.T. વિભાગ તૈયાર કરવામાં આવ્યો છે. જેના લીધે તમે સંપૂર્ણ તૈયારી માટે પુરતો મહાવરો કરી શકો.

**પ્રશ્ન-9 : S.A.T. વિભાગમાં કેવા પ્રશ્નો પૂછાય છે ?**

**ઉત્તર :** આ વિભાગમાં ગણિતના 20, વિજ્ઞાનના-35 અને સામાજિક વિજ્ઞાનના 35 પ્રશ્નો પૂછાય છે. જેમાં ધોરણ-7ના પાઠ્યક્રમ તથા ધોરણ-8ના પ્રથમ સત્રના પાઠ્યક્રમમાંથી પ્રશ્ન પૂછાય છે. તૈયારી માટે પ્રત્યેક પ્રકરણમાંથી નમૂનારૂપ પ્રશ્નો આ પુસ્તકમાં આપેલ છે. વિશેષ તૈયારી માટે તમે અલંકાર સ્ટડી મટેરિયલનો પણ ઉપયોગ કરી શકો છો.

# અનુક્રમણિકા


| ખંડ | ક્રમ | વિભાગ / પ્રકરણ | પા.નં. |
|---|---|---|---|
| | | **માનસિક ક્ષમતા કસોટી** | |
| 1 | 1 | શ્રેણી પૂર્ણ કરો. | 7 |
| 1 | 2 | આકૃતિનું વિશ્લેષણ | 12 |
| 1 | 3 | અંગ્રેજી મૂળાક્ષરોને યોગ્ય ક્રમમાં ગોઠવો. | 17 |
| 1 | 4 | ગુજરાતી મૂળાક્ષરો અને સંકેતો | 20 |
| 1 | 5 | અલગ આકૃતિ ઓળખો | 21 |
| 1 | 6 | સાંકેતિક ભાષા | 25 |
| 1 | 7 | અલગ પડતું જૂથ ઓળખો. | 27 |
| 1 | 8 | કોણ અલગ પડે છે ? | 29 |
| 1 | 9 | દર્પણ આકૃતિ | 31 |
| 1 | 10 | પાણીમાં પ્રતિબિંબ | 35 |
| 1 | 11 | સંબંધ ઘટાયક કસોટી | 38 |
| 1 | 12 | સંબંધ આકૃતિ | 41 |
| 1 | 13 | તાર્કિક ક્રમમાં ગોઠવો | 44 |
| 1 | 14 | ગાણિતિક ચિહ્નો બદલીને સાદું રૂપ આપો... | 45 |
| 1 | 15 | નિશાનીનો યોગ્ય ક્રમ નક્કી કરો. | 48 |
| 1 | 16 | વાર અને દિવસની ગણતરી કરવી. | 50 |
| 1 | 17 | કૌટુંબિક સંબંધ નક્કી કરવો. | 53 |
| 1 | 18 | દિશા અને અંતર આધારિત પ્રશ્નો | 55 |
| 1 | 19 | ઉંમર આધારિત કોયડાઓ. | 57 |
| 1 | 20 | હરોળમાં સ્થાન નક્કી કરવું. | 59 |
| 1 | 21 | ઊંચું-નીચું, નાનું-મોટું નક્કી કરવું. | 61 |
| 1 | 22 | અંગ્રેજી મૂળાક્ષરોની શ્રેણી | 63 |
| 1 | 23 | શ્રેણી આધારિત વિશેષ પ્રશ્નો | 65 |
| 1 | 24 | મહાશબ્દ કોણ ? | 67 |
| 1 | 25 | કેટલાક વિશિષ્ટ પ્રશ્નો | 68 |
| | | **શાળાકીય અભિયોગ્યતા કસોટી** | |
| 2 | 1 | ગણિત | 70 |
| 2 | 2 | વિજ્ઞાન | 82 |
| 2 | 3 | સામાજિક વિજ્ઞાન | 93 |
| * | | મૂલ્યાંકનલક્ષી નમૂનારૂપ આદર્શ પ્રશ્નપત્ર | 106 |
| * | | તા. 23-12-2018નું પ્રશ્નપત્ર | 115 |
| * | | તા. 22-12-2019નું પ્રશ્નપત્ર | 125 |
| * | | તા. 14-03-2021નું પ્રશ્નપત્ર | 134 |
| * | | તા. 17-04-2022નું પ્રશ્નપત્ર | 142 |
| * | | તા. 12-02-2023નું પ્રશ્નપત્ર | 151 |
| * | | સમજૂતી સાથેના જવાબો તથા 2018નું પ્રશ્નપત્ર | 170 |




VIDEO SUPPORT

Download the App

**NMMS સાફલ્ય MAT APP**

- જવાબની સમજૂતી સાથેના 2500 પ્રશ્નો
- દરેક ક્વિઝમાં નવિન પ્રશ્નો
- ક્વિઝને અંતે રીઝલ્ટ, ઓવરવ્યૂ અને ગ્રેડ
- APP INSTALL કરવા માટે QR Code સ્કેન કરો.


No part of this publication can be reproduced, stored in a retrieval system or transmitted in any form or by any means-electronic, mechanical, phototyping, recording or otherwise without the prior written permission of the publishers. All right of export of this book is reserved with the publisher. Any person who does any unauthorised act in relation to this publication will be liabel to legal prosecution and civil claimes for damages.

# ખંડ-1 1 શ્રેણી પૂર્ણ કરો. (Complete the series)

આ પ્રકારના પ્રશ્નોમાં સંખ્યાઓની સાંકળ (શ્રેણી) આપવામાં આવેલી હોય છે. આ શ્રેણીનાં ક્રમિક પદો એક-બીજા સાથે કોઇ ચોક્કસ સંબંધથી જોડાયેલાં હોય છે. આપણે આ સંબંધ શોધી શ્રેણીમાં પ્રશ્નની અંદર આપેલા છેલ્લા પદ પછી કયું પદ આવશે તેનો અંદાજ લગાવી જવાબ શોધવાનો હોય છે. દા.ત. 1, 3, 5, 7,
અહીં જોઈ શકાય છે કે શ્રેણીનાં બે ક્રમિક પદો વચ્ચે તફાવત 2 છે. આ રીતે ગણતરી કરતા 7 પછીનું ક્રમિક પદ 7 + 2 = 9 હશે તેવું અનુમાન થઈ શકે છે.

આ પ્રકારના પ્રશ્નનો ઉકેલ મેળવવા માટે નીચેના જેવી કેટલીક શ્રેણીઓ યાદ રાખવાથી ફાયદો થઇ શકે છે.

| | | |
|---|---|---|
| **એકી સંખ્યાઓ** | : | **1, 3, 5, 7, 9, 11, 13, 15, ......** |
| **બેકી સંખ્યાઓ** | : | **2, 4, 6, 8, 10, 12, 14, 16, ....** |
| **પ્રાકૃતિક સંખ્યાઓ** | : | **1, 2, 3, 4, 5, 6, 7, 8, 9, 10, 11, ....** |
| **પૂર્ણ સંખ્યાઓ** | : | **0, 1, 2, 3, 4, 5, 6, 7, 8, 9, 10, 11, ....** |
| **પૂર્ણવર્ગ સંખ્યાઓ** | : | **1, 4, 9, 16, 25, 36, 49, 64, 81, 100....** |
| **પૂર્ણઘન સંખ્યાઓ** | : | **1, 8, 27, 64, 125, 216., ....** |
| **અવિભાજ્ય સંખ્યાઓ** | : | **2, 3, 5, 7, 11, 13, 17, 19, .....** |
| **વિભાજ્ય સંખ્યાઓ** | : | **4, 6, 8, 9, 10, 12, 14, 15, 16, 18, 20, .....** |

આ ઉપરાંત ક્રમિક પદો વચ્ચે વધારા/ઘટાડા, ગુણ્યા/ભાગ્યા જેવા સંબંધોનો પણ વિચાર કરવો જોઇએ. અવયવ અને અવયવી વિશે પણ સંબંધ વિચારી શકાય.

આ પ્રકારના પ્રશ્નો ઉકેલવા માટે કોઈપણ બે ક્રમિક પદો વચ્ચેના સંબંધનું અનુમાન કર્યા બાદ અન્ય બે પદો વચ્ચે આવો સંબંધ છે કે કેમ ? તે ચકાસી પછી જ જવાબ નક્કી કરવો જોઈએ. અહીં મહાવરા માટે 1 થી 80 પ્રશ્નો આપવામાં આવ્યા છે જે આપને ઉપયોગી થશે.

શ્રેણી પ્રકારના પ્રશ્નોમાં પદો વચ્ચેનો સંબંધ સમજવો, તેમની વચ્ચે વધારાનો સંબંધ છે કે ઘટાડાનો તે સૌપ્રથમ નક્કી કરવું જોઈએ. ત્યારબાદ જો પદોના મૂલ્યમાં ક્રમિક વધારો થતો હોય તો સરવાળો, ગુણાકાર કે ઘાતનો સંબંધ વિચારવો જોઈએ. જો પદોના મૂલ્યમાં ક્રમિક ઘટાડો થતો હોય તો બાદબાકી, ભાગાકાર કે મૂળનો સંબંધ વિચારવો જોઈએ. આ બાબતને થોડાં ઉદાહરણ વડે સમજીએ.

**(1)** **1, 4, 7, 10, ?**
અહીં શ્રેણીના પદોમાં ક્રમિક વધારો થાય છે. સૌપ્રથમ સરવાળાનો સંબંધ વિચારીએ તો 1+3=4, 4+3=7, 7+3=10 એમ +3નો સંબંધ સ્પષ્ટ થાય છે. એ રીતે હવે પછીનું પદ 10+3=13 થાય.

# 3 અંગ્રેજી મૂળાક્ષરોને યોગ્ય ક્રમમાં ગોઠવો.

આ પ્રકારના પ્રશ્નોમાં આપવામાં આવેલા 3થી 4 અંગ્રેજી મૂળાક્ષરોને ABCDના ક્રમમાં ગોઠવવાના હોય છે. પ્રમાણમાં સરળ જણાતો આ પ્રશ્નપ્રકાર કેટલીક વખત ખૂબ જ છેતરામણો સાબિત થતો હોય છે. આ પ્રકારના પ્રશ્નોના ઉત્તર શોધવા માટે ABCDના મૂળાક્ષરોને ક્રમમાં યાદ રાખવાથી સરળતા રહે છે.

આ પ્રકારના પ્રશ્નનો ઉકેલ મેળવવા માટે ABCDના મૂળાક્ષરોને ક્રમમાં યાદ રાખવાથી સરળતા રહે છે.

A B C D E F G

H I J K L M N

O P Q R S T U

V W X Y Z

ઉદાહરણ : C A T

ઉત્તર : Ⓐ A T C Ⓑ C A T Ⓒ A C T Ⓓ T A C

હવે આ પ્રશ્નમાં 3 અંગ્રેજી મૂળાક્ષરો C, A અને T આપવામાં આવ્યા છે. ABCDના ક્રમ અનુસાર જોતા સૌ પ્રથમ A ત્યારબાદ C અને સૌથી છેલ્લે T આવે છે. આ રીતે ગોઠવણ કરવાથી વિકલ્પ Ⓒ A C T એ આપણો સાચો ઉત્તર બને છે. અહીં તમને મહાવરા માટે કુલ 87 પ્રશ્નો આપવામાં આવ્યા છે.

**પ્રશ્ન 1થી 87 મૂળાક્ષરોને તેમના ક્રમ પ્રમાણે ગોઠવો અને નીચે આપેલા ચાર વિકલ્પો પૈકી સાચો જવાબ શોધો.**

1. P E N
Ⓐ PEN Ⓑ EPN Ⓒ ENP Ⓓ NEP

2. F A N
Ⓐ AFN Ⓑ ANF Ⓒ FAN Ⓓ NFA

3. C H A I R
Ⓐ AHCIR Ⓑ ACIHR
Ⓒ AICHR Ⓓ ACHIR

4. W E N T
Ⓐ ETNW Ⓑ ENTW Ⓒ EWTN Ⓓ EWNT

5. S T O P
Ⓐ STOP Ⓑ OPST Ⓒ OPTS Ⓓ SPTO

6. H E A T
Ⓐ ATHE Ⓑ AEHT Ⓒ AETH Ⓓ ATEH

7. W H A T
Ⓐ AWHT Ⓑ AHWT Ⓒ AHTW Ⓓ ATWH

8. L A K E
Ⓐ AELK Ⓑ AEKL Ⓒ ALEK Ⓓ ALKE

9. P O N D
Ⓐ DONP Ⓑ DOPN Ⓒ DPNO Ⓓ DNOP

10. W A V E
Ⓐ AEVW Ⓑ AEWN Ⓒ AWEV Ⓓ AWVE

11. R A C E
Ⓐ ACRE Ⓑ AERC Ⓒ ACER Ⓓ AREC

12. T A L K
Ⓐ ATLK Ⓑ ALKT Ⓒ AKTL Ⓓ AKLT

13. T A X I
Ⓐ AIXT Ⓑ ATXI Ⓒ AITX Ⓓ AXIT

14. R E S T
Ⓐ ERTS Ⓑ TERS Ⓒ ESRT Ⓓ ERST

15. E X I T
Ⓐ EIXT Ⓑ ETIX Ⓒ EITX Ⓓ EXTI

16. C A K E
Ⓐ AECK Ⓑ ACKE Ⓒ AKCE (D) ACEK

17. T A K E
Ⓐ AETK Ⓑ ATKE Ⓒ AKTE Ⓓ AEKT

18. G A T E
Ⓐ AGET Ⓑ ETAG Ⓒ AETG Ⓓ AEGT

Alankar® Publication

# 5 અલગ આકૃતિ ઓળખો. (Oddman Out)

આ પ્રકારના પ્રશ્નોમાં વિકલ્પ તરીકે 4 આકૃતિઓ આપવામાં આવે છે. જેમાંની એક આકૃતિ બાકીની ત્રણ કરતાં કોઈ રીતે જુદી પડતી હોય છે. આપણે તેને ઓળખી જવાબ તરીકે દર્શાવવાની હોય છે.

ઉદાહરણ :



Ⓐ Ⓑ Ⓒ Ⓓ

અહીં વિકલ્પ Ⓐ, Ⓑ અને Ⓒ માં ના પાંખિયાં ઘડિયાળના કાંટાની દિશામાં બતાવેલાં છે. જ્યારે વિકલ્પ Ⓓમાં તે ઘડિયાળના કાંટાની વિરુદ્ધ દિશામાં બતાવેલાં છે. આમ વિકલ્પ Ⓓ એ આપણો સાચો ઉત્તર થશે.

**મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપ્યા છે, તમારા જવાબ સામે Ⓐ, Ⓑ, Ⓒ, Ⓓ ઘટ્ટ કરો. ત્યારબાદ સાચો જવાબ ચકાસો.**

1. 

Ⓐ Ⓑ Ⓒ Ⓓ

2. 

Ⓐ Ⓑ Ⓒ Ⓓ

3. 

Ⓐ Ⓑ Ⓒ Ⓓ

4. 

Ⓐ Ⓑ Ⓒ Ⓓ

5. 

Ⓐ Ⓑ Ⓒ Ⓓ

6. E V W M

Ⓐ Ⓑ Ⓒ Ⓓ

7. 

Ⓐ Ⓑ Ⓒ Ⓓ

8. 

Ⓐ Ⓑ Ⓒ Ⓓ

9. 

Ⓐ Ⓑ Ⓒ Ⓓ

10. 

Ⓐ Ⓑ Ⓒ Ⓓ

11. 

Ⓐ Ⓑ Ⓒ Ⓓ

12. 

Ⓐ Ⓑ Ⓒ Ⓓ

Alankar® Publication

# 7 અલગ પડતું જૂથ ઓળખો.

આ પ્રકારના પ્રશ્નોમાં 3 કે 4 મૂળાક્ષરોના ચાર જૂથો વિકલ્પ તરીકે આપેલાં હોય છે. દરેક જૂથના મૂળાક્ષરો વચ્ચે ક્રમનો કે અન્ય કોઈ સંબંધ હોય છે. આપેલા ચાર વિકલ્પોમાંથી કોઈ એક જૂથ આ સંબંધનું પાલન કરતું નથી. આપણે આવા જૂથને શોધીને જવાબ તરીકે દર્શાવવાનું છે.

**ઉદાહરણ :** Ⓐ ACE Ⓑ BDF Ⓒ PRS Ⓓ UWY

અહીં જોઈ શકાય છે કે પ્રથમ વિકલ્પ Ⓐમાં આપેલ A પછી એક અક્ષર છોડતાં ABCD નો મૂળાક્ષર C આવે છે. ત્યારબાદ ફરી એક અક્ષર છોડતા ABCDનો મૂળાક્ષર E આવે છે. આમ એક-એક અક્ષર છોડતાં વિકલ્પના ક્રમિક અક્ષરો આવે છે. વિકલ્પ Ⓑમાં પણ આ જ રીતે BDFનો સંબંધ જોવા મળે છે. વિકલ્પ Ⓓમાં પણ આ જ રીતે UWYનો સંબંધ જોવા મળે છે. માત્ર વિકલ્પ Ⓒમાં PRTના બદલે PRS આપેલ છે. આમ તે જૂથ અન્ય જૂથ કરતાં અલગ પડે છે.આથી તે આપણો ઉત્તર બનશે.

આ પ્રકારના પ્રશ્નો માટે ABCDના મૂળાક્ષરો તેમના ક્રમ સાથે યાદ રાખવાથી સરળતા રહેશે.

| A | B | C | D | E | F | G | H | I |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |

| J | K | L | M | N | O | P | Q | R |
|---|---|---|---|---|---|---|---|---|
| 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 |

| S | T | U | V | W | X | Y | Z |
|---|---|---|---|---|---|---|---|
| 19 | 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 |

અહીં તમને મહાવરા માટે કુલ 80 પ્રશ્નો આપવામાં આવ્યાં છે.

નીચે આપેલા 1 થી 80 પ્રશ્નોમાં એક મૂળાક્ષર જૂથ કોઈક નિયમાનુસાર જુદું પડે છે. જે જુદું પડે છે તે તમારો જવાબ છે.

**મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપ્યા છે, તમારા જવાબ સામે Ⓐ, Ⓑ, Ⓒ, Ⓓ ઘટ્ટ કરો. ત્યારબાદ સાચો જવાબ ચકાસો.**

1. Ⓐ A Ⓑ B Ⓒ C Ⓓ D
2. Ⓐ A Ⓑ C Ⓒ E Ⓓ H
3. Ⓐ E Ⓑ F Ⓒ G Ⓓ H
4. Ⓐ AY Ⓑ BX Ⓒ CZ Ⓓ DV
5. Ⓐ DF Ⓑ TV Ⓒ VX Ⓓ OP
6. Ⓐ AD Ⓑ DI Ⓒ IP Ⓓ PZ
7. Ⓐ ACF Ⓑ PRT Ⓒ MOQ Ⓓ VXZ
8. Ⓐ FAT Ⓑ FLY Ⓒ CRY Ⓓ DRY
9. Ⓐ CUT Ⓑ BUT Ⓒ PUT Ⓓ HUT
10. Ⓐ CDEF Ⓑ JKLM Ⓒ ORST Ⓓ WXYZ
11. Ⓐ GAME Ⓑ NAME Ⓒ FAME Ⓓ CLAIM
12. Ⓐ FEE Ⓑ TREE Ⓒ SEE Ⓓ ZEE
13. Ⓐ TEA Ⓑ PEA Ⓒ SEE Ⓓ BEA
14. Ⓐ ABY Ⓑ DEZ Ⓒ GHA Ⓓ JKL
15. Ⓐ N Ⓑ H Ⓒ T Ⓓ F
16. Ⓐ YZA Ⓑ JKL Ⓒ UVW Ⓓ KMN
17. Ⓐ O Ⓑ I Ⓒ L Ⓓ A
18. Ⓐ P Ⓑ O Ⓒ I Ⓓ U
19. Ⓐ ACE Ⓑ BDF Ⓒ CDF Ⓓ DFH
20. Ⓐ EG Ⓑ PQ Ⓒ RS Ⓓ YZ
21. Ⓐ ACB Ⓑ DEF Ⓒ RTS Ⓓ GIH
22. Ⓐ AB Ⓑ DF Ⓒ JK Ⓓ LM
23. Ⓐ ACE Ⓑ GIJ Ⓒ LNP Ⓓ QSU
24. Ⓐ ZZY Ⓑ WWV Ⓒ DDF Ⓓ PPO

Alankar Publication

# 9 દર્પણ આકૃતિ (Mirror Image)

આ પ્રકારના પ્રશ્નોમાં એક પ્રશ્ન-આકૃતિ આપવામાં આવે છે. આ આકૃતિને દર્પણ (અરીસા)માં જોવાથી કેવું પ્રતિબિંબ મળશે? તેનું અનુમાન કરી જવાબ નક્કી કરવાનો હોય છે.

આ પ્રશ્નોના ઉકેલ માટે એ યાદ રાખવું જોઈએ કે અરીસામાં જોવાથી ડાબી-જમણી બાજુ ઉલટાઈ જતી હોય છે. જેથી પ્રશ્ન-આકૃતિનો ડાબો ભાગ જમણી તરફ અને જમણો ભાગ ડાબી તરફ જતો રહે છે. આ પ્રકારે વિચારવાથી જવાબ શોધવામાં સરળતા રહે છે.

કેટલાક અંગ્રેજી મૂળાક્ષરો જેમ કે, A H I M O T U V W X Y વગેરેની ડાબી જમણી બાજુ સરખી હોવાથી તેમની દર્પણ આકૃતિ પણ સરખી જ રહે છે.જો કે કેટલાક ફોન્ટમાં W અને M જેવા અક્ષરો વિશિષ્ટ વળાંકથી રાખવામાં આવે ત્યારે તેમની દર્પણ આકૃતિ સરખી રહેતી નથી. જેની કાળજી લેવી જોઈએ.

આ પ્રકારના પ્રશ્નો સરળતાથી ઉકેલવા માટે અરીસાથી રચાતાં પ્રતિબિંબોનો પ્રયોગ કરવો જોઈએ.

ઉદાહરણ :



પ્રશ્ન આકૃતિ Ⓐ Ⓑ Ⓒ Ⓓ

અહીં પ્રશ્ન-આકૃતિ તરીકે અંગ્રેજી અંક **6** આપવામાં આવ્યો છે. જેને અરીસામાં જોવાથી તેની ડાબી-જમણી બાજુ પલટાઈ જાય છે. આમ થવાથી જવાબરૂપે **ə** મળશે.

**નોંધ :** અરીસામાં પ્રતિબિંબ જોઈને નક્કી કરો. શરૂઆતમાં આ રીતે મહાવરો કરવો, પરંતુ યાદ રાખો કે પરીક્ષામાં અરીસો સાથે રાખવાની છૂટ નથી. જેથી અરીસાની મદદ વિના જવાબ શોધતાં શીખી લેવું જરૂરી છે.

**મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપ્યા છે, તમારા જવાબ સામે Ⓐ, Ⓑ, Ⓒ, Ⓓ ઘટ્ટ કરો. ત્યારબાદ સાચો જવાબ ચકાસો.**

**1.**



Ⓐ Ⓑ Ⓒ Ⓓ

**2.**



Ⓐ Ⓑ Ⓒ Ⓓ

**3.**



Ⓐ Ⓑ Ⓒ Ⓓ

**4.**



Ⓐ Ⓑ Ⓒ Ⓓ

Alankar® Publication

# 11 સંબંધ ઘટાયક કસોટી

આ પ્રકારના પ્રશ્નોમાં બે શબ્દોનું એક જોડકું આપેલું હોય છે. જેની વચ્ચે કોઈ ચોક્કસ સંબંધ હોય છે. ત્યારબાદ પ્રશ્નરૂપે એક શબ્દ આપેલો હોય છે. જેવો સંબંધ આપેલ જોડકાના શબ્દો વચ્ચે હોય તેવો જ પ્રશ્નરૂપ શબ્દ સાથે સંબંધ ધરાવતો વિકલ્પ પસંદ કરવાનો હોય છે.

ઉદાહરણ : કુંભાર : ચાકડો :: ખેડૂત : ?

વિકલ્પ : Ⓐ કરવત Ⓑ હળ Ⓒ સંચો Ⓓ રેંટિયો

અહીં જોઈ શકાય છે કે કુંભાર અને ચાકડા વચ્ચેનો સંબંધ વ્યવસાયકાર અને ઓજારનો છે. ઠીક તેવી જ રીતે ખેડૂત માટે ઉપયોગી ઓજાર **હળ** છે. કરવત સુથાર માટે, સંચો કપડાં સીવવાનું કામ કરનાર દરજી માટે, રેંટિયો રૂ કાંતનાર માટે ઉપયોગી છે. આમ, વિકલ્પ Ⓑ એ આપણો સાચો ઉત્તર થશે.

**મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપ્યા છે, તમારા જવાબ સામે Ⓐ, Ⓑ, Ⓒ, Ⓓ ઘટ્ટ કરો. ત્યારબાદ સાચો જવાબ ચકાસો.**

**1. ફિલ્મ : નિર્દેશક :: વર્તમાનપત્ર : .............**
Ⓐ પ્રકાશન Ⓑ લેખક Ⓒ તંત્રી Ⓓ પાઠક

**2. પુસ્તક : કાગળ :: .............**
Ⓐ પુસ્તક : પ્રેસ Ⓑ પુસ્તક : નોટબુક
Ⓒ પૅન : નોટબુક Ⓓ નોટબુક : કાગળ

**3. વૃક્ષ : લીમડો :: ક્ષુપ : .............**
Ⓐ વડ Ⓑ તુલસી
Ⓒ બાવળ Ⓓ નાગરવેલ

**4. પોલીસ : બંદૂક :: શિક્ષક : .............**
Ⓐ કોદાળી Ⓑ હથોડી
Ⓒ સ્ટેથોસ્કોપ Ⓓ પુસ્તક

**5. રાંક : ગરીબ :: અમીર : .............**
Ⓐ ભિખારી Ⓑ ધનવાન Ⓒ કાયર Ⓓ ડરપોક

**6. સમય : ઘડિયાળ :: હવાનું દબાણ : .............**
Ⓐ હાઈડ્રોમીટર Ⓑ બેરોમીટર
Ⓒ લેક્ટોમીટર Ⓓ એમીટર

**7. લોહી : હૃદય :: પરસેવો : .............**
Ⓐ ત્વચા Ⓑ મૂત્રપિંડ Ⓒ ફેફસાં Ⓓ જઠર

**8. તાપમાન : થરમૉમીટર :: વજન : .............**
Ⓐ ત્રાજવું Ⓑ માપપટ્ટી
Ⓒ સ્પ્રિંગ કાંટો Ⓓ વજનિયાં

**9. ગ્રામપંચાયત : સરપંચ :: નગરપાલિકા : .............**
Ⓐ મેયર Ⓑ કોર્પોરેટર
Ⓒ પ્રમુખ Ⓓ ચીફ ઑફિસર

**10. દેશ : રાજ્ય :: રાજ્ય : .............**
Ⓐ દેશ Ⓑ ગામ Ⓒ જિલ્લો Ⓓ તાલુકો

**11. પંખી : પાંખ :: માણસ : .............**
Ⓐ હાથ Ⓑ પગ Ⓒ ફેફસાં Ⓓ આંખ

**12. સારું : ખરાબ :: છત :.............**
Ⓐ દીવાલ Ⓑ થાંભલા
Ⓒ ભોંયતળિયું Ⓓ બારી

**13. તરસ : પાણી :: ........... : ભોજન**
Ⓐ ખાણું Ⓑ શક્તિ Ⓒ ભૂખ Ⓓ પાણી

**14. હૉસ્પિટલ : ડૉક્ટર : શાળા : .............**
Ⓐ વિદ્યાર્થી Ⓑ વાલી Ⓒ શિક્ષક Ⓓ સ્વીપર

**15. પેટ્રોલ : કાર :: ઈલેક્ટ્રિસીટી : .............**
Ⓐ ટ્રક Ⓑ બળદગાડું
Ⓒ ટેલિવિઝન Ⓓ બસ

**16. ખેડૂત : અનાજ :: ગાય : .............**
Ⓐ દૂધ Ⓑ શાકાહારી
Ⓒ પાલતુ પ્રાણી Ⓓ હિંસક પ્રાણી

**17. દળ : કિલોગ્રામ :: પ્રવાહી : .............**
Ⓐ કિલોમીટર Ⓑ મીટર
Ⓒ લિટર Ⓓ ડેસીમીટર

**18. વેગ : મીટર / સેકન્ડ :: અંતર : .............**
Ⓐ મીટર Ⓑ કિલોગ્રામ
Ⓒ લિટર Ⓓ કલાક

Alankar® Publication

# 14 ગાણિતિક ચિહ્નો બદલીને સાદું રૂપ આપો.

ગાણિતિક સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર આ ચાર ક્રિયાઓ છે. આ ઉપરાંત કૌંસથી પણ તમે પરિચિત હશો જ. કેટલીક વખત આ ચાર ક્રિયાઓ અને કૌંસ વગેરે સાથે કરવાનાં થાય તેવી રકમનું સાદું રૂપ આપવાના પ્રશ્નો પૂછાય છે. આ દરેક ક્રિયાઓ આવડતી હોવા છતાં જો તેને યોગ્ય ક્રમમાં કરવામાં ન આવે તો સાચો જવાબ મળી શકતો નથી. આ માટે અંગ્રેજી ભાષામાં BoDMASનો નિયમ છે. જેની સમજૂતી નીચે મુજબ આપી શકાય.

- Boનો અર્થ Bracket off એટલે કે કૌંસ છોડવો.
- Dનો અર્થ Devidation એટલે કે ભાગાકાર કરવો.
- Mનો અર્થ Multiplication એટલે કે ગુણાકાર કરવો.
- Aનો અર્થ Addition એટલે કે સરવાળો કરવો.
- Sનો અર્થ Subtractions એટલે કે બાદબાકી કરવી.

આમ, આ દરેક ક્રિયાઓ ઉપર જણાવેલ ક્રમ અનુસાર કરવી જોઈએ. કેટલીક વખત નિશાનીની અદલાબદલી કરવાના સૂચન સાથે આ પ્રકારના પ્રશ્ન પૂછવામાં આવે છે ત્યારે સહજ ગૂંચવણ ઊભી થવાનો સંભવ રહે છે. નિશાની બદલીને સાદું રૂપ આપવાનું હોય ત્યારે સૌપ્રથમ નિશાની બદલીને રકમ ફરીથી લખવી જોઈએ.

**ઉદાહરણ : જો + ને બદલે –, – ને બદલે ×, ×ને બદલે ÷ અને ÷ ને બદલે + લેવામાં આવે તો...**

- **52 ÷ (35 – 6) × 7 + 8 નું સાદું રૂપ આપો.**
- 52 ÷ (35-6) × 7 + 8 રકમની નિશાનીઓ ફેરવતાં..

52 + (35×6) ÷ 7 - 8
= 52 + 210 ÷ 7 - 8
= 52 + 30 - 8
= 82 - 8
= 74

અહીં તમને મહાવરા માટે નં. 1થી 61 સુધીના પ્રશ્નો આપવામાં આવ્યા છે.

- **નીચે આપેલા પ્રશ્ન નં. 1થી 5માં + ને બદલે ×, × ને બદલે –, – ને બદલે + અને ÷ને બદલે – લેવામાં આવે તો નીચેનાનું સાદું રૂપ આપતા શો જવાબ આવે તે આપેલા વિકલ્પોમાંથી શોધો.**

**1.** **18 - (3+6) ÷ 2**
Ⓐ 34 Ⓑ 32 Ⓒ 36 Ⓓ 38

**2.** **25 × 3 - (6×5) ÷ 9**
Ⓐ -26 Ⓑ 26 Ⓒ 14 Ⓓ -14

**3.** **(8-6) + (7×4) ÷ 4**
Ⓐ 38 Ⓑ -38 Ⓒ 42 Ⓓ 46

**4** **32 × 4 - (9+4) ÷ 20**
Ⓐ -44 Ⓑ -27 Ⓒ 44 Ⓓ 68

**5.** **9 + 8 - 7 × 6 ÷ 4**
Ⓐ 79 Ⓑ 89 Ⓒ 10 Ⓓ 69

- **નીચે આપેલા પ્રશ્ન નં. 6થી 11માં + ને બદલે –, – ને બદલે ×, ×ને બદલે ÷ અને ÷ને બદલે + લેવામાં આવે તો નીચેનાનું સાદું રૂપ આપતા શો જવાબ આવે તે આપેલા વિકલ્પોમાંથી શોધો.**

**6.** **45 ÷ 6 × 2 + 1**
Ⓐ 24 Ⓑ 46 Ⓒ 45 Ⓓ 47

**7.** **35 ÷ 8 - 10 + 1**
Ⓐ 214 Ⓑ 114 Ⓒ 210 Ⓓ 36

**8.** **35 ÷ 5 - 2 + 32**
Ⓐ 12 Ⓑ 13 Ⓒ 23 Ⓓ 37

**9.** **76 - 32 × 8 ÷ 10**
Ⓐ 98 Ⓑ 314 Ⓒ 213 Ⓓ 35.2

**10.** **25 × 5 - 6 ÷ 31 + 41**
Ⓐ 0 Ⓑ 10 Ⓒ 20 Ⓓ 61

Alankar Publication

# 16 વાર અને દિવસની ગણતરી કરવી.

કેલેન્ડર આધારિત પ્રશ્નો એ કોઈપણ લેવલની સ્પર્ધાત્મક પરીક્ષામાં અચૂક પૂછાતા પ્રશ્નો પૈકી એક છે. આપણી N.M.M.S. પરીક્ષામાં પણ દર વર્ષે બે થી ત્રણ પ્રશ્નો આ પ્રકરણમાંથી પૂછવામાં આવે છે એવું જોવા મળ્યું છે.

સામાન્ય રીતે આ પ્રકારના પ્રશ્નોમાં કોઈ ચોક્કસ માસની ચોક્કસ તારીખે કયો વાર હશે ? એ પ્રકારના પ્રશ્નો પૂછાતા હોય છે. જેની ગણતરી કરવા માટે આપણને કેટલીક વિશિષ્ટ બાબતોની માહિતી હોય તો આપણું કામ ઘણું જ સરળ બની જતું હોય છે.

**વર્ષ બે પ્રકારના હોય છે :** **(1) સામાન્ય વર્ષ :** જેમાં 365 દિવસ હોય છે. (ફેબ્રુઆરી-28)
**(2) લીપ વર્ષ :** જેમાં 366 દિવસ હોય છે. (ફેબ્રુઆરી-29)

જે વર્ષના છેલ્લા બે અંકોને 4 વડે નિઃશેષ ભાગી શકાય તે વર્ષ લીપ વર્ષ હોય છે. આવાં વર્ષમાં ફેબ્રુઆરી માસના દિવસોની સંખ્યા 29 હોય છે. જેમ કે, 1992, 1996, 2000, 2004, 2006, 20012, 2016, 2020, 2024, 2026 વગેરે. દર ચાર વર્ષે એક લીપ વર્ષ હોય છે.

જે વર્ષના છેલ્લાં બે અંકોને 4 વડે **નિઃશેષ** ભાગી ન શકાય તે વર્ષ સામાન્ય વર્ષ હોય છે. આવાં વર્ષમાં ફેબ્રુઆરી માસના દિવસોની સંખ્યા 28 હોય છે. જેમકે 2001, 2002, 2003, 2015, 2021 વગેરે.

આ ગણતરીમાં જ્યારે છેલ્લાં બે અંકો 00 હોય ત્યારે એટલે કે સદીનું વર્ષ હોય ત્યારે છેલ્લાં બે અંકોના બદલે શરૂઆતના બે અંકો ધ્યાનમાં લેવા, જેમ કે 1900માં છેલ્લે 00 હોવાથી 19ને ધ્યાનમાં લેતાં 19ને 4 વડે ભાગી શકાય નહીં. જેથી તે લીપ વર્ષ નથી, પણ સામાન્ય વર્ષ છે; પરંતુ 2000માં છેલ્લે 00 હોવાથી 20ને ધ્યાનમાં લેતાં 20ને 4 વડે નિઃશેષ ભાગી શકાય છે, જેથી તે લીપવર્ષ છે.

**યાદ રાખો :** એક કેલેન્ડર વર્ષમાં કુલ 12 મહિના હોય છે. જેમાં ફેબ્રુઆરી માસમાં 28 કે 29 દિવસ હોય છે. એપ્રિલ, જૂન, સપ્ટેમ્બર અને નવેમ્બર માસમાં 30 દિવસ હોય છે, જ્યારે બાકીના તમામ મહિનાઓમાં 31 દિવસ હોય છે.

1 પખવાડિયું = 15 દિવસ જ્યારે 1 અઠવાડિયું = 7 દિવસ થાય.

કુલ સાત વાર છે, જેથી કોઈપણ તારીખમાં 7 ઉમેરવાથી ફરી પાછો એક જ વાર મળે. જેમ કે, કોઈ મહિનાની 7 તારીખે શુક્રવાર હોય તો એ મહિનાની 7+7=14 તારીખે પણ શુક્રવાર હોય. એ રીતે 14+17=21 તારીખે પણ શુક્રવાર હોય.

સામાન્ય રીતે એક મહિનામાં ચાર અઠવાડિયા (28 દિવસ) કરતાં થોડાં વધુ દિવસો હોય છે. કોઈપણ મહિનાના કુલ દિવસોને 7 વડે ભાગવાથી જે શેષ વધે તેને આપણે વધારાના દિવસો કહીશું. એ રીતે

| **મહિનાનું નામ** | **વધારાના દિવસોની સંખ્યા** |
|---|---|
| જાન્યુઆરી, માર્ચ, મે, જુલાઈ, ઓગસ્ટ, ઓક્ટોબર, ડિસેમ્બર | 3 |
| એપ્રિલ, જૂન, સપ્ટેમ્બર, નવેમ્બર | 2 |
| ફેબ્રુઆરી (લીપવર્ષ) | 1 |
| ફેબ્રુઆરી (સામાન્ય વર્ષ) | 0 |

વર્ષના સંદર્ભમાં વધારાના દિવસની ગણતરી કરીએ તો સામાન્ય વર્ષમાં 365/7 કરવાથી 1 શેષ મળશે એટલે કે 1 વધારાનો દિવસ મળે. એ જ રીતે લીપ વર્ષમાં 366/7 કરવાથી 2 શેષ મળશે એટલે કે 2 વધારાના દિવસ મળે.

સામાન્ય વર્ષમાં વર્ષનો પહેલો અને છેલ્લો દિવસ એક સરખો જ હોય છે. જેમ કે, 1 જાન્યુઆરી-2021ના રોજ શુક્રવાર હતો એટલે હવે 31 ડિસેમ્બર-2021ના રોજ પણ શુક્રવાર જ હશે.

લીપ વર્ષમાં વર્ષનો પહેલો અને છેલ્લો દિવસ ક્રમિક વાર હોય છે. જેમ કે 1, જાન્યુઆરી-2020ના રોજ બુધવાર હતો અને 31 ડિસેમ્બર-2020ના રોજ ગુરુવાર હતો.

# 18 દિશા અને અંતર આધારિત પ્રશ્નો

દિશા અને અંતર સંબંધી પ્રશ્નો માટે સૌ પ્રથમ કેટલીક બાબતો સમજી લઈએ.

મુખ્ય ચાર દિશાઓ છે.




જો તેમાં ચાર ખૂણા ઉમેરવામાં આવે તો કુલ આઠ દિશાઓ થાય.




આ બાબતોની સમજણ પ્રશ્નનો ઉકેલ મેળવવામાં ખૂબ ઉપયોગી થશે.

**ઉદાહરણ :** **મહેશ પૂર્વ દિશા તરફ ઊભો છે ત્યાંથી તે ડાબી બાજુ 1 કિમી જાય છે, ત્યાંથી તે ડાબી બાજુ વળી 2 કિમી જાય છે. તો તે કઈ દિશામાં જતો હશે.**

**વિકલ્પ :** Ⓐ પૂર્વ Ⓑ દક્ષિણ Ⓒ ઉત્તર Ⓓ પશ્ચિમ

મહેશ ⟶ પૂર્વ દિશા તરફ ઊભો છે. પછી ડાબી તરફ વળે છે.




આમ, વિકલ્પ Ⓓ એ આપણો સાચો ઉત્તર થશે.

**મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપ્યા છે, તમારા જવાબ સામે Ⓐ, Ⓑ, Ⓒ, Ⓓ ઘટ્ટ કરો. ત્યારબાદ સાચો જવાબ ચકાસો.**

**1. સૂર્યોદય વખતે તમારો ચહેરો સૂર્ય સામે હોય તો તમારો ડાબો હાથ ડાબી તરફ લંબાવતા કઈ દિશા બતાવશે ?**

Ⓐ ઉત્તર Ⓑ દક્ષિણ Ⓒ પૂર્વ Ⓓ પશ્ચિમ

**2. તરૂણ ઉત્તર દિશા તરફ પીઠ રાખી ઊભો છે. સાંજના 5 વાગે તેનો પડછાયો કઈ દિશામાં પડશે?**

Ⓐ પૂર્વ Ⓑ પશ્ચિમ Ⓒ ઉત્તર Ⓓ દક્ષિણ

**3. સૂર્યોદયની દિશામાં મોં રાખીને ઊભા રહેવાથી દક્ષિણ દિશા જમણી બાજુએ આવતી હોય તો પીઠની તરફ કઈ દિશા હોય છે ?**

Ⓐ ઉત્તર Ⓑ દક્ષિણ Ⓒ પૂર્વ Ⓓ પશ્ચિમ

**4. જૈમિન ઉત્તર દિશા તરફ મોં રાખી ઊભો છે. સવારના 8:00 વાગે તેનો પડછાયો કઈ દિશામાં પડશે ?**

Ⓐ પૂર્વ Ⓑ પશ્ચિમ Ⓒ ઉત્તર Ⓓ દક્ષિણ

**5. કોમલ પોતાના ઘરથી ઉત્તર દિશામાં 2 કિમી ચાલે છે. ત્યારબાદ જમણી બાજુ વળે છે. તો તેનું મોં કઈ દિશા તરફ હશે ?**

Ⓐ પૂર્વ Ⓑ પશ્ચિમ Ⓒ ઉત્તર Ⓓ દક્ષિણ

**6. માયા પૂર્વ દિશા તરફ પીઠ રાખીને ઊભી છે. ત્યાંથી તે જમણી બાજુ વળી 3 કિમી જાય છે. ત્યાંથી તે ડાબી બાજુ વળી 2 કિમી જાય છે. તો તેનું મોં કઈ દિશા તરફ હશે ?**

Ⓐ ઉત્તર Ⓑ દક્ષિણ Ⓒ પૂર્વ Ⓓ પશ્ચિમ

**7. સુરેશ પોતાના ઘરેથી નીકળી ઉત્તર દિશામાં 4 કિમી ચાલે છે, ત્યાંથી તે નૈર્ઋત્ય દિશામાં 5 કિમી ચાલે છે. તેને પોતાનાં ઘરે પાછા ફરવામાં ઓછામાં ઓછા કેટલા કિમી ચાલવું પડે ?**

Ⓐ 3 કિમી Ⓑ 4 કિમી Ⓒ 5 કિમી Ⓓ 9 કિમી

**8. રાહુલ પોતાનાં ઘરેથી નીકળી ઈશાન દિશામાં 13 કિમી ચાલે છે. ત્યાંથી તે દક્ષિણ દિશા તરફ 12 કિમી ચાલે છે. તો હવે તે પોતાનાં ઘરથી કેટલા કિમી દૂર હશે ?**

Ⓐ 25 Ⓑ 1 Ⓒ 5 Ⓓ 11

**9. નમન પોતાનાં ઘરેથી વાયવ્ય દિશામાં 4 કિમી ચાલે છે. તેનો ભાઈ મગન એ જ ઘરેથી ઈશાન દિશામાં**

Alankar® Publication

# 20 હરોળમાં સ્થાન નક્કી કરવું.

આ પ્રકારના પ્રશ્નોમાં હરોળમાં કોઈ એક બાજુથી સ્થાન જણાવી તેના આધારે અન્ય વિગતો સંબંધી પ્રશ્નો પૂછવામાં આવતા હોય છે. પ્રશ્નના ઉકેલ માટે ધ્યાન રાખવા જેવું...

| ડાબી બાજુ → | 1 | 2 | 3 | 4 | 5 | 6 | |
|---|---|---|---|---|---|---|---|
| | A | B | Ⓒ | D | E | F | |
| | 6 | 5 | 4 | 3 | 2 | 1 | ← જમણી બાજુ |

અહીં જોઈ શકાય છે કે છ મૂળાક્ષરોની હરોળમાં ડાબી બાજુથી C નું સ્થાન ત્રીજું છે. જ્યારે જમણી બાજુથી ગણતરી કરતા C નું સ્થાન ચોથું છે. હરોળમાં કોઈપણ બાજુથી ગણતરી કરીએ ત્યારે C ને ગણતરીમાં લેવો પડે છે. ડાબી કે જમણી બાજુ આપણા હાથ મુજબ નક્કી કરવી.

**ઉદાહરણ :** **વિદ્યાર્થીઓની એક લાઈનમાં આરતી બરાબર મધ્યમાં છે, તે આગળથી સાતમા ક્રમે હોય તો તેની સાથે પાછળ કેટલા વિદ્યાર્થીઓ ઊભા હશે ?**

**વિકલ્પ :** Ⓐ 5 Ⓑ 6 Ⓒ 7 Ⓓ 8

**અહીં આગળથી સાતમા ક્રમે છે. જેથી 1, 2, 3 4, 5, 6 આરતીની આગળ 6 વિદ્યાર્થીઓ ઊભા હશે. આરતી આ લાઈનમાં બરાબર મધ્યમાં છે તેથી જો તેની આગળ 6 વિદ્યાર્થીઓ ઊભા હોય તો તેની પાછળ પણ તેટલા જ વિદ્યાર્થીઓ હોય. આમ, વિકલ્પ Ⓑ એ આપણો સાચો ઉત્તર થશે.**

**મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપ્યા છે, તમારા જવાબ સામે Ⓐ, Ⓑ, Ⓒ, Ⓓ ઘટ્ટ કરો. ત્યારબાદ સાચો જવાબ ચકાસો.**

1. **અંગ્રેજી વર્ણમાળાના અક્ષરોને એક જ હરોળમાં ગોઠવતાં તેમાં ડાબી બાજુથી 13માં અક્ષર પછી જમણી બાજુનો સાતમો અક્ષર કયો આવશે ?**
   Ⓐ S Ⓑ T Ⓒ U Ⓓ V
2. **12 વિદ્યાર્થીઓ લાઈનમાં ઊભા છે. મોહન શરૂઆતથી પાંચમા ક્રમે ઊભો હોય તો છેલ્લેથી ગણતા તે કેટલામા ક્રમે હશે ?**
   Ⓐ 5 Ⓑ 7 Ⓒ 8 Ⓓ 12
3. **પાર્થ એક હરોળમાં ડાબી બાજુથી આઠમા ક્રમે અને જમણી બાજુથી 19મા ક્રમે છે. તો તે હરોળમાં કુલ કેટલી વ્યક્તિઓ હશે ?**
   Ⓐ 25 Ⓑ 24 Ⓒ 27 Ⓓ 26
4. **'ક' એક લાઈનમાં આગળથી 11માં ક્રમે છે. જો તે લાઈનમાં કુલ 26 વ્યક્તિઓ હોય, તો પાછળથી ગણતા તેનો ક્રમ કેટલામો થશે ?**
   Ⓐ 18 Ⓑ 16 Ⓒ 17 Ⓓ 15
5. **એક સીધી હરોળમાં મુકેશની ડાબી બાજુ અનિલ છે. જ્યારે અનિલની જમણી બાજુ ટીના છે. જો મુકેશની ડાબી બાજુ ટીના હોય તો ત્રણ પૈકી વચ્ચે કોણ હશે ?**
   Ⓐ ટીના Ⓑ મુકેશ
   Ⓒ અનિલ Ⓓ માહિતી અધૂરી છે.
6. **14 વાહનોની એક સીધી હરોળમાં તરુણની બાઈક ડાબી બાજુથી ગણતાં આઠમા ક્રમે છે. જો જમણી બાજુથી ગણતરી કરવામાં આવે તો પ્રદીપની કાર આઠમા ક્રમે છે. તે બંને વાહન વચ્ચે બીજાં કેટલાં વાહનો હશે ?**
   Ⓐ 1 Ⓑ 2 Ⓒ 0 Ⓓ 3
7. **25 વિદ્યાર્થીઓની એક હરોળમાં મગન બરાબર મધ્યમાં છે. જમણી બાજુથી ગણતાં તેનો ક્રમ કેટલામો હશે ?**
   Ⓐ 15 Ⓑ 12 Ⓒ 11 Ⓓ 13
8. **8 વિદ્યાર્થીઓની એક હરોળમાં ડાબી બાજુથી ગણતાં પાયલનો ક્રમ પાંચમો છે. તો જમણી બાજુએથી ગણતરી કરતા તેનો ક્રમ કેટલામો થશે.**
   Ⓐ 4 Ⓑ 5 Ⓒ 3 Ⓓ 6
9. **12 વિદ્યાર્થીઓની એક હરોળમાં ડાબી બાજુથી ગણતા જિતેન્દ્રનો છઠ્ઠો ક્રમ છે તો જમણી બાજુથી તેનો ક્રમ કેટલામો હશે ?**
   Ⓐ 6 Ⓑ 5 Ⓒ 7 Ⓓ 8

Alankar Publication

ખંડ-1 22

# અંગ્રેજી મૂળાક્ષરોની શ્રેણી

આ પ્રકારના પ્રશ્નોમાં અંકોની શ્રેણીની જેમ જ મૂળાક્ષરોની શ્રેણી પૂછવામાં આવે છે. આપણે ક્રમિક પદોના સંબંધનો વિચાર કરી શ્રેણીનું હવે પછીનું પદ શોધવાનું હોય છે.

**ઉદાહરણ :** A, E, I, M

**વિકલ્પ :** Ⓐ U Ⓑ O Ⓒ Q Ⓓ Y

અહીં શ્રેણીના પ્રથમ ત્રણ પદો અંગ્રેજી સ્વરો છે. જેથી આ શ્રેણી સ્વરોની હોવાનું અનુમાન કરવાની સહજ ઈચ્છા થાય, પરંતુ શ્રેણીનું અંતિમ પદ M એ સ્વર નથી. તેથી નક્કી થાય છે કે આપેલી શ્રેણી સ્વરોની શ્રેણી નથી. જેથી આપણે અન્ય કોઈ સંબંધનો વિચાર કરવો રહ્યો.

અહીં શ્રેણીનું પ્રથમ પદ A છે. B-C-D એમ ત્રણ અક્ષર છોડવાથી બીજું પદ E મળે છે. એવી જ રીતે ત્રણ - ત્રણ અક્ષરો છોડવાથી ક્રમશઃ I અને M મળે છે. આ રીતે આગળ વિચારતાં શ્રેણીનું હવે પછીનું પદ N-O-P એમ ત્રણ અક્ષર છોડવાથી Q મળે છે. આમ, વિકલ્પ Ⓒ એ આપણો સાચો ઉત્તર થશે.

**મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપ્યા છે, તમારા જવાબ સામે Ⓐ, Ⓑ, Ⓒ, Ⓓ ઘટ્ટ કરો. ત્યારબાદ સાચો જવાબ ચકાસો.**

**1. B D F ............**
Ⓐ G Ⓑ I Ⓒ H Ⓓ C

**2. P, R, T, ............**
Ⓐ U Ⓑ W Ⓒ V Ⓓ Q

**3. J, LM, OPQ ............**
Ⓐ JKLM Ⓑ NOPQ Ⓒ RSTU Ⓓ STUV

**4. A, F, K, ..........**
Ⓐ M Ⓑ N Ⓒ O Ⓓ P

**5. E, O, Y, I, ..........**
Ⓐ A Ⓑ Q Ⓒ S Ⓓ T

**6. DKRYF ............**
Ⓐ M Ⓑ D Ⓒ R Ⓓ Y

**7. NQTWZCF............**
Ⓐ C Ⓑ Q Ⓒ I Ⓓ F

**8. A, B, E, C, I, ............**
Ⓐ H Ⓑ J Ⓒ G Ⓓ D

**9 B, C, D, F, G, H, ............**
Ⓐ K Ⓑ J Ⓒ L Ⓓ I

**10. C, M, W, G, ............**
Ⓐ O Ⓑ P Ⓒ Q Ⓓ R

**11. A, D, I P, ............**
Ⓐ W Ⓑ X Ⓒ Z Ⓓ Y

**12. A, C, E, G, ............**
Ⓐ I Ⓑ H Ⓒ J Ⓓ K

**13. A CD FGH ............**
Ⓐ ABCD Ⓑ EFGH Ⓒ IJKL Ⓓ JKLM

**14. A, C, F, J, ............**
Ⓐ N Ⓑ O Ⓒ P Ⓓ Q

**15. BD DF FH**
Ⓐ EG Ⓑ HI Ⓒ HJ Ⓓ GK

**16. AZ BY CX**
Ⓐ ZA Ⓑ DW Ⓒ DV Ⓓ EX

**17. PR, RT, TV, ............**
Ⓐ VW Ⓑ UV Ⓒ VX Ⓓ WX

**18. JQ, KR, LS, ............**
Ⓐ MT Ⓑ IP Ⓒ JP Ⓓ MU

**19. GH, JKL, NO, ............**
Ⓐ PQ Ⓑ PR Ⓒ PQR Ⓓ QRS

**20. PM, RO, TQ, ............**
Ⓐ NO Ⓑ US Ⓒ VS Ⓓ WS

**21. AK, CM, EO, ............**
Ⓐ GQ Ⓑ FO Ⓒ HP Ⓓ GP

**22. AB DEF IJ**
Ⓐ JKL Ⓑ KLM Ⓒ IJK Ⓓ LMN

# 24 મહાશબ્દ કોણ ?

માનસિક કસોટીનો આ એક વિશિષ્ટ પ્રકાર છે. જેમાં ચાર શબ્દો આપવામાં આવેલા હોય છે. આપણે તેમાંથી એક શબ્દ એવો પસંદ કરવાનો હોય છે જેમાં બાકીના ત્રણેય શબ્દોનો સમાવેશ થઈ જતો હોવો જોઈએ એટલે જ તો આપણે તેને કહીએ છીએ મહાશબ્દ !

**ઉદાહરણ :** Ⓐ મહોલ્લો Ⓑ સોસાયટી Ⓒ ઘર Ⓓ ગામ

અહીં ઘર, મહોલ્લો અને સોસાયટીનો સમાવેશ ગામમાં થઈ જાય છે. તેથી વિકલ્પ Ⓓ એ આપણો સાચો ઉત્તર છે.

**મહાવરા માટે કેટલાક પ્રશ્નો આપ્યા છે, તમારા જવાબ સામે Ⓐ, Ⓑ, Ⓒ, Ⓓ ઘટ્ટ કરો. ત્યારબાદ સાચો જવાબ ચકાસો.**

1. Ⓐ દરવાજો Ⓑ બારણું Ⓒ ફર્નિચર Ⓓ બારી
2. Ⓐ વીંટી Ⓑ ઘરેણું Ⓒ હાર Ⓓ બંગડી
3. Ⓐ ગુજરાત Ⓑ ભારત Ⓒ જૂનાગઢ Ⓓ એશિયા
4. Ⓐ ગુજરાત Ⓑ ભારત Ⓒ બિહાર Ⓓ એશિયા
5. Ⓐ ગામ Ⓑ રાજ્ય Ⓒ તાલુકો Ⓓ દેશ
6. Ⓐ એકી સંખ્યાઓ Ⓑ બેકી સંખ્યાઓ Ⓒ અવિભાજ્ય સંખ્યાઓ Ⓓ પૂર્ણ સંખ્યાઓ
7. Ⓐ ગાય Ⓑ ભેંસ Ⓒ પશુઓ Ⓓ ઘોડો
8. Ⓐ જંગલ Ⓑ દરિયો Ⓒ પૃથ્વી Ⓓ પર્વત
9. Ⓐ પૂર્ણ સંખ્યાઓ Ⓑ વાસ્તવિક સંખ્યાઓ Ⓒ અપૂર્ણાંક સંખ્યાઓ Ⓓ પૂર્ણ વર્ગ સંખ્યાઓ
10. Ⓐ વાક્ય Ⓑ શબ્દ Ⓒ શબ્દસમૂહ Ⓓ મૂળાક્ષર
11. Ⓐ ખીર Ⓑ ખાંડ Ⓒ દૂધ Ⓓ ચોખા
12. Ⓐ તત્ત્વ Ⓑ પરમાણુ Ⓒ અણુ Ⓓ સંયોજન
13. Ⓐ પૂર્ણાંક સંખ્યાઓ Ⓑ એકી સંખ્યાઓ Ⓒ બેકી સંખ્યાઓ Ⓓ ઋણ સંખ્યાઓ
14. Ⓐ જઠર Ⓑ પાચનતંત્ર Ⓒ સ્નાયુ Ⓓ શરીર
15. Ⓐ સાપ Ⓑ પોપટ Ⓒ સરિસૃપ Ⓓ સજીવ
16. Ⓐ ખીર Ⓑ દૂધ Ⓒ રોટલી Ⓓ ભોજન
17. Ⓐ ઑક્સિજન Ⓑ નાઈટ્રોજન Ⓒ હવા Ⓓ કાર્બન ડાયૉક્સાઈડ
18. Ⓐ ભારત Ⓑ એશિયા Ⓒ નેપાળ Ⓓ શ્રીલંકા
19. Ⓐ સિંહ Ⓑ વાઘ Ⓒ હાથી Ⓓ પશુઓ
20. Ⓐ માછલી Ⓑ જળચર Ⓒ વ્હેલ Ⓓ દરિયો
21. Ⓐ ફકરો Ⓑ મૂળાક્ષર Ⓒ શબ્દ Ⓓ વાક્ય
22. Ⓐ વિદ્યાર્થી Ⓑ શિક્ષક Ⓒ શાળા Ⓓ વર્ગખંડ
23. Ⓐ ફૂટબૉલ Ⓑ હૉકી Ⓒ કબડ્ડી Ⓓ રમત
24. Ⓐ માછલી Ⓑ તારા માછલી Ⓒ જળચર Ⓓ સજીવ
25. Ⓐ ધાતુ Ⓑ તત્ત્વ Ⓒ લોખંડ Ⓓ સોનું
26. Ⓐ ગ્રહો Ⓑ સૂર્ય Ⓒ ઉપગ્રહ Ⓓ સૂર્યમંડળ
27. Ⓐ ગુલાબી Ⓑ પીળો Ⓒ રંગ Ⓓ શ્યામ
28. Ⓐ અનાજ Ⓑ ઘઉં Ⓒ ચોખા Ⓓ પાક
29. Ⓐ પોપટ Ⓑ કાબર Ⓒ મોર Ⓓ પક્ષી
30. Ⓐ દિલ્હી Ⓑ લદાખ Ⓒ જમ્મુ Ⓓ ભારત
31. Ⓐ ઈસરો Ⓑ નાસા Ⓒ ભારત Ⓓ પૃથ્વી
32. Ⓐ ગઝલ Ⓑ હાઉકુ Ⓒ તાન્કા Ⓓ પદ્ય
33. Ⓐ જિલ્લો Ⓑ ગામ Ⓒ ખંડ Ⓓ દેશ
34. Ⓐ શ્રાવણ Ⓑ શનિવાર Ⓒ વર્ષ Ⓓ તિથિ
35. Ⓐ દિવાળી Ⓑ તહેવાર Ⓒ જન્માષ્ટમી Ⓓ ઉત્તરાયણ
36. Ⓐ ચેવડો Ⓑ પેંડા Ⓒ મીઠાઈ Ⓓ ખાદ્યપદાર્થો
37. Ⓐ કુતુબમિનાર Ⓑ લાલકિલ્લો Ⓒ સ્થાપત્યો Ⓓ તાજમહાલ
38. Ⓐ કાજુ Ⓑ સૂકોમેવો Ⓒ બદામ Ⓓ અખરોટ
39. Ⓐ ઘઉંનો લોટ Ⓑ ગોળ Ⓒ લાપસી Ⓓ પાણી
40. Ⓐ પુસ્તક Ⓑ સ્કૂલબેગ Ⓒ પેન Ⓓ નોટબુક

1. સંખ્યારેખા પર ધન અપૂર્ણાંક ઉમેરવાં કઈ બાજુ ખસવું પડે ?
Ⓐ ડાબી Ⓑ જમણી
Ⓒ સ્થિર Ⓓ કંઈ કહી ન શકાય

2. સંખ્યારેખા પર ઋણ પૂર્ણાંકની બાદબાકી કરવા માટે .......... બાજુ ખસવું પડે છે.
Ⓐ ડાબી Ⓑ જમણી
Ⓒ સ્થિર Ⓓ કંઈ કહી ન શકાય.

3. જ્યારે બે ઋણ પૂર્ણાંકોનો સરવાળો કરવામાં આવે ત્યારે આપણને ........... મળે છે.
Ⓐ ઘનપૂર્ણાંક Ⓑ ઋણપૂર્ણાંક
Ⓒ શૂન્ય Ⓓ કંઈ કહી ન શકાય.

4. પૂર્ણાંક 8ની વિરોધી સંખ્યા કઈ છે ?
Ⓐ 8 Ⓑ - 8 Ⓒ $\frac{1}{8}$ Ⓓ $\frac{-1}{8}$

5. (-11) + 4 = ?
Ⓐ 11-4 Ⓑ 4-11 Ⓒ 11+4 Ⓓ -11-4

6. 7, 3, -1, -5, .......... .
Ⓐ -7 Ⓑ -9 Ⓒ -8 Ⓓ -6

7. પ્રાકૃતિક સંખ્યાઓ.......... વિશે સંવૃત્ત છે.
Ⓐ સરવાળા Ⓑ બાદબાકી
Ⓒ Ⓐ અને Ⓑ બંને Ⓓ ભાગાકાર

8. (-3) × (-5) = ?
Ⓐ -15 Ⓑ -8 Ⓒ 15 Ⓓ 8

9. (-4) × 3 = ?
Ⓐ 7 Ⓑ 12 Ⓒ -7 Ⓓ -12

10. સરવાળા વિશે તટસ્થ સંખ્યા........... છે.
Ⓐ 1 Ⓑ 0
Ⓒ -1 Ⓓ એકપણ નહીં.

11. ગુણાકાર વિશે તટસ્થ સંખ્યા............ છે.
Ⓐ 1 Ⓑ 0
Ⓒ -1 Ⓓ એકપણ નહીં.

12. કોઈપણ સંખ્યાની વિરોધી સંખ્યા શોધવા માટે તેને ............ વડે ગુણવામાં આવે છે ?
Ⓐ 1 Ⓑ 0 Ⓒ -1 Ⓓ ∞

13. કોઈપણ પૂર્ણાંક સંખ્યા $a$ માટે $a \div 0$ = ?
Ⓐ 1 Ⓑ 0
Ⓒ અવ્યાખ્યાયિત છે. Ⓓ $a$

14. $a \div 1 = 8$ હોય તો $a$ = ?
Ⓐ 9 Ⓑ 8
Ⓒ $\frac{1}{8}$ Ⓓ કંઈ કહી ન શકાય.

15. 6 × (-17) = ?
Ⓐ 11 Ⓑ -23 Ⓒ 102 Ⓓ -102

16. નીચેના પૈકી કયો શુદ્ધ અપૂર્ણાંક છે ?
Ⓐ $\frac{7}{8}$ Ⓑ $\frac{5}{3}$ Ⓒ $\frac{6}{5}$ Ⓓ $1\frac{1}{2}$

17. નીચેના પૈકી કયો અશુદ્ધ અપૂર્ણાંક છે ?
Ⓐ $\frac{1}{2}$ Ⓑ $\frac{3}{4}$ Ⓒ $\frac{6}{9}$ Ⓓ $\frac{7}{5}$

18. નીચેના પૈકી કયો મિશ્ર અપૂર્ણાંક છે ?
Ⓐ $\frac{2}{3}$ Ⓑ $1\frac{2}{3}$
Ⓒ $\frac{3}{2}$ Ⓓ એકપણ નહીં.

19. નીચેના પૈકી કયો $\frac{2}{3}$ નો સમ અપૂર્ણાંક નથી ?
Ⓐ $\frac{3}{2}$ Ⓑ $\frac{4}{6}$ Ⓒ $\frac{10}{15}$ Ⓓ $\frac{8}{12}$

20. ધ્યેય એક સ્વાધ્યાયનો $\frac{2}{5}$ ભાગ ઉકેલે છે. જ્યારે દિશા તે જ સ્વાધ્યાયનો $\frac{3}{7}$ ભાગ ઉકેલે છે. તો કોણે ઓછો ભાગ ઉકેલ્યો ?
Ⓐ ધ્યેય Ⓑ દિશા
Ⓒ બંને સરખા Ⓓ કંઈ કહી ન શકાય.

21. અક્ષિકાએ $2\frac{1}{4}$ કિગ્રા બટેટાં અને શુભમે $3\frac{1}{5}$ કિગ્રા રીંગણાં ખરીદ્યાં. બંને પૈકી કોની પાસે વધુ વજન થશે ?
Ⓐ અક્ષિકા Ⓑ શુભમ
Ⓒ સરખાં Ⓓ કંઈ કહી ન શકાય.

22. $3 \times 1\frac{2}{3}$ = ?
Ⓐ 2 Ⓑ 5 Ⓒ $\frac{5}{3}$ Ⓓ $3\frac{2}{3}$

23. $\frac{1}{2} \times \frac{9}{4}$ = ?
Ⓐ $\frac{19}{24}$ Ⓑ $\frac{9}{8}$ Ⓒ $\frac{9}{2}$ Ⓓ $\frac{9}{4}$

24. $\frac{1}{2} \times \frac{2}{3} = 1 \times$ ?
Ⓐ 2 Ⓑ $\frac{2}{3}$ Ⓒ $\frac{1}{3}$ Ⓓ 3

# વિજ્ઞાન

1. **નીચેના પૈકી કઈ વનસ્પતિ હરિતદ્રવ્ય ધરાવતી નથી?**
   Ⓐ નાગરવેલ Ⓑ અમરવેલ
   Ⓒ કુંવારપાઠું Ⓓ લીલ
2. **કયા સજીવમાં હરિતદ્રવ્ય ધરાવતી લીલ અને ફૂગ સાથે જોવા મળે છે ?**
   Ⓐ મશરૂમ Ⓑ લાઈકેન Ⓒ કળશપર્ણ Ⓓ યુગ્લિના
3. **કયો સજીવ વાતાવરણમાંનો નાઈટ્રોજન લઈ શકે છે ?**
   Ⓐ ગાય Ⓑ રાઈઝોબિયમ
   Ⓒ લાઈકેન Ⓓ વોર્ટિસેલા
4. **પ્રકાશસંશ્લેષણ માટે વનસ્પતિનો કયો ભાગ વાતાવરણમાંથી કાર્બન ડાયૉક્સાઈડ લે છે ?**
   Ⓐ મૂળરોમ Ⓑ પર્ણરંધ્ર Ⓒ પર્ણશિરા Ⓓ વજ્રપત્ર
5. **મનુષ્યનો પાચનમાર્ગ કયા ભાગેથી શરૂ થાય છે ?**
   Ⓐ અન્નનળી Ⓑ મુખગુહા
   Ⓒ સ્વાદુપિંડ Ⓓ લાળગ્રંથિ
6. **મનુષ્યનો પાચનમાર્ગ કયા ભાગે અંત પામે છે ?**
   Ⓐ મુખગુહા Ⓑ સ્વાદુપિંડ
   Ⓒ મળદ્વાર Ⓓ જઠર
7. **સ્ટાર્ચનું સરળ શર્કરામાં રૂપાંતરણ......... દ્વારા થાય છે.**
   Ⓐ આયોડિન Ⓑ લાળ
   Ⓒ ઍસિડ Ⓓ રસાંકુર
8. **પિત્તરસનો સ્રાવ કઈ ગ્રંથિ કરે છે ?**
   Ⓐ પિત્તાશય Ⓑ સ્વાદુપિંડ
   Ⓒ યકૃત Ⓓ નાનું આંતરડું
9. **રેશમના કીડા કયા વૃક્ષ પર જોવા મળે છે ?**
   Ⓐ કપાસ Ⓑ શેતૂર
   Ⓒ અમરવેલ Ⓓ કળશપર્ણી
10. **રેશમના કીડા ઉછેરવાની પદ્ધતિને શું કહે છે ?**
    Ⓐ એપિકલ્ચર Ⓑ સેરીકલ્ચર
    Ⓒ હોર્ટિકલ્ચર Ⓓ વર્મીકલ્ચર
11. **ક્લિનિકલ થરમૉમીટર મહત્તમ ...............°C સુધી તાપમાન માપી શકે છે.**
    Ⓐ 42 Ⓑ 35 Ⓒ 98.6 Ⓓ 108
12. **સામાન્ય રીતે લેબોરેટરી થરમોમીટરની રેન્જ ........ હોય છે.**
    Ⓐ -10° થી 110°C Ⓑ 0°C થી 100°C
    Ⓒ -10°C થી 100°C Ⓓ 0°C થી 100°C
13. **25° C તાપમાનવાળા 1 લિટર પાણીને 75° C તાપમાનવાળા 1 લિટર પાણી સાથે મિશ્ર કરતા બનતાં મિશ્રણનું તાપમાન.........**
    Ⓐ 100°C
    Ⓑ 75°Cથી વધુ પરંતુ 100°Cથી ઓછું.
    Ⓒ 25°C
    Ⓓ 25°C થી 75°C વચ્ચેનું.
14. **60°C તાપમાન ધરાવતા લોખંડના ગોળાને, 60°C જેટલું જ તાપમાન ધરાવતા પાણીમાં મૂકવામાં આવે તો....**
    Ⓐ ઉષ્મા ગોળાથી પાણી તરફ વહે
    Ⓑ ઉષ્મા પાણીથી ગોળા તરફ વહે
    Ⓒ ગોળા તથા પાણી બંનેનું તાપમાન વધશે.
    Ⓓ ઉષ્મા ગોળાથી પાણી તરફ કે પાણીથી ગોળા તરફ વહેશે નહીં.
15. **નીચેના પૈકી કયા ધ્રુવપ્રદેશ નજીકના પ્રદેશ નથી ?**
    Ⓐ ફીનલૅન્ડ Ⓑ કેનેડા Ⓒ નોર્વે Ⓓ કેન્યા
16. **ઉષ્ણકટિબંધનાં વર્ષાજંગલો નીચે પૈકી ક્યાં જોવા મળશે ?**
    Ⓐ કેન્યા Ⓑ યુગાન્ડા
    Ⓒ નાઈઝેરિયા Ⓓ આપેલા તમામ
17. **નીચેના પૈકી કયું પશ્ચિમ ઘાટના વર્ષાવનનું પ્રાણી છે ?**
    Ⓐ સિંહ જેવી પૂંછડી ધરાવતો વાનર
    Ⓑ પેંગ્વિન
    Ⓒ ધ્રુવીય રીંછ Ⓓ ટોઉકાન
18. **નીચે આપેલાં વિધાનો પૈકી કયું સાચું છે ?**
    Ⓐ શિયાળામાં પવન જમીનથી સમુદ્ર તરફ વહે છે.
    Ⓑ ઉનાળામાં પવન જમીનથી સમુદ્ર તરફ વહે છે.
    Ⓒ ભારતના દરિયાકાંઠા પર ચક્રવાત આવવાની સંભાવના છે.

1 ચંદેલોના મુખ્ય નગરોમાં કોનો સમાવેશ થતો નથી?
Ⓐ ખજુરાહો Ⓑ કાલિંજર
Ⓒ મહોબા Ⓓ કનોજ

2. ગઢવાલ રાજ્યની સ્થાપના કોણે કરી હતી ?
Ⓐ મદનચંદ્ર Ⓑ ગોવિંદચંદ્ર
Ⓒ ચંદ્રદેવ Ⓓ જેજાકભુક્તિ

3. કયો પ્રદેશ અવંતિ અથવા ઉજ્જૈનીના રાજ્ય તરીકે જાણીતો હતો ?
Ⓐ માળવા Ⓑ ચંદેલ
Ⓒ કનોજ Ⓓ ગઢવાલ

4. ઈ.સ. 820માં પરમાર વંશની સ્થાપના કોણે કરી હતી ?
Ⓐ સીયક Ⓑ મુંજ
Ⓒ કૃષ્ણરાજ Ⓓ ભોજ

5. નીચેના પૈકી કોનો સમાવેશ પરમાર વંશના શાસકોમાં થતો નથી ?
Ⓐ પરમર્હિદેવ Ⓑ સીયક
Ⓒ મુંજ Ⓓ કૃષ્ણરાજ

6. વનરાજ ચાવડાએ કયું નગર વસાવ્યું હતું ?
Ⓐ અણહિલવાડ પાટણ Ⓑ ભૃગુ કચ્છ
Ⓒ ભદ્રાવતી Ⓓ સ્તંભતીર્થ

7. યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો ધરાવતી 'રાણીની વાવ' કોણે બનાવી હતી ?
Ⓐ મીનળ દેવી Ⓑ રાણકદેવી
Ⓒ રાણી ઉદયમતિ Ⓓ લક્ષ્મીબાઈ

8. "દાનસાગર" અને "અદ્ભુત સાગર" નામના ગ્રંથોની રચના કોણે કરી હતી ?
Ⓐ હેમચંદ્રાચાર્ય Ⓑ બલ્લાલ સેન
Ⓒ કુમારપાળ Ⓓ એકેય નહીં.

9. ગુલામવંશનો સાચો સ્થાપક કોને માનવામાં આવે છે ?
Ⓐ કુતુબુદ્દીન ઐબક Ⓑ જલાલુદ્દીન
Ⓒ બહલોલ Ⓓ ઈલ્તુત્મિશ

10. સૈન્યના ઘોડા અને સૈનિકોની વિશિષ્ટ ઓળખ માટે 'દાગ' અને 'ચહેરા' પદ્ધતિની શરૂઆત કયા વંશના શાસકે કરી ?
Ⓐ ગુલામ વંશ Ⓑ ખલજી વંશ
Ⓒ તુગલક વંશ Ⓓ સૈયદ વંશ

11. નીચેના પૈકી કઈ કૃતિ કવિ અમીર ખુશરોની રચના છે ?
Ⓐ કિરાતુલ-સદાયન Ⓑ આશિકા
Ⓒ નૂહ Ⓓ આપેલ તમામ

12. લોદી વંશની સ્થાપના કોણે કરી હતી ?
Ⓐ ઈબ્રાહીમ લોદી Ⓑ બહલોલ લોદી
Ⓒ ખિજ્રખાં Ⓓ ઈલ્તુત્મિશ

13. કોના સમયમાં સરકારી તંત્ર પૂરતી ટપાલ વ્યવસ્થા સૌપ્રથમ અસ્તિત્વમાં આવી હતી ?
Ⓐ મુહમ્મદ તુગલક Ⓑ અલ્લાઉદ્દીન ખલજી
Ⓒ ખિજ્રખાં Ⓓ બહલોલ લોદી

14. મુહમ્મદ તુગલકના સમયમાં કયો આફ્રિકન મુસાફર ભારતની મુલાકાતે આવેલ ?
Ⓐ ઈબ્નબતુતા Ⓑ ઈલ્તુત્મિશ
Ⓒ ખિજ્રખાં Ⓓ અલબુકર્ક

15. કયા શાસકને 'આંધ્રના ભોજ' તરીકે ઓળખવામાં આવે છે ?
Ⓐ હરિહર રાય Ⓑ બુક્કારાય
Ⓒ કૃષ્ણદેવરાય Ⓓ વિદ્યારણ્ય

16. "ઢાઈ દિન કા ઝોંપડા" શું છે ?
Ⓐ ગુરુદ્વારા Ⓑ ધર્મશાળા
Ⓒ મંદિર Ⓓ મસ્જિદ

17. કયા મુઘલ શાસકના સમયમાં ચિત્રકલાનો ખૂબ જ વિકાસ થયો હતો ?
Ⓐ અકબર Ⓑ જહાંગીર
Ⓒ શાહજહાં Ⓓ ઔરંગઝેબ

18. અકબરે કયા નગરને રાજધાની બનાવી હતી ?
Ⓐ દિલ્લી Ⓑ આગ્રા
Ⓒ ફતેહપુર સિક્રી Ⓓ બુલંદગઢ

કુલ સમય : 180 મિનિટ

# N.M.M.S. - 2019

કુલ ગુણ : 180

**તારીખ : 22/12/2019**

**પરીક્ષાનો સમય 3 કલાક**

બેઠક નં : | | | | | | | |

**સૂચના : નીચે આપેલા 1થી 10 પ્રશ્નોમાં આંકડાઓને એક ચોક્કસ નિયમાનુસાર અંક શ્રેણીમાં ગોઠવવામાં આવેલા છે. તેમાં એક અંક ખૂટે છે તે સ્થાને પ્રશ્નાર્થ (?) મૂકેલ છે. જેમાં આપેલા ચાર વિકલ્પોમાંથી બંધબેસતો વિકલ્પ શોધો.**

| | |
|---|---|
| **1.** | **7, 11, 13, 17, ?**<br>Ⓐ 18 Ⓑ 19 Ⓒ 23 Ⓓ 29 |
| **2.** | **5, 30, 180, ? , 6480**<br>Ⓐ 240 Ⓑ 720 Ⓒ 1080 Ⓓ 2040 |
| **3.** | **25, 36, 49, ? , 81**<br>Ⓐ 72 Ⓑ 68 Ⓒ 78 Ⓓ 64 |
| **4.** | **64000, 27000, 8000 ?**<br>Ⓐ 1000 Ⓑ 4000 Ⓒ 6000 Ⓓ 2000 |
| **5.** | **15, 27, 41 ? , 75**<br>Ⓐ 59 Ⓑ 49 Ⓒ 45 Ⓓ 57 |
| **6.** | **5, 100, 15, 50, 45, ? , 135**<br>Ⓐ 55 Ⓑ 35 Ⓒ 25 Ⓓ 75 |
| **7.** | **9, 13, 16, 17, 25, ? , 36**<br>Ⓐ 18 Ⓑ 19 Ⓒ 21 Ⓓ 23 |
| **8.** | **7, 14, ? , 56, 112**<br>Ⓐ 25 Ⓑ 27 Ⓒ 28 Ⓓ 54 |
| **9.** | **1001, ?, 27001, 64001, 125001**<br>Ⓐ 8000 Ⓑ 8001 Ⓒ 16000 Ⓓ 16001 |
| **10.** | **40, 120, 200, ? , 360**<br>Ⓐ 280 Ⓑ 380 Ⓒ 240 Ⓓ 260 |

Alankar® Publication

કુલ સમય : 180 મિનિટ

# N.M.M.S. - 2020

કુલ ગુણ : 180

**તારીખ : 14/03/2021**

**પરીક્ષાનો સમય 3 કલાક**

બેઠક નં : | | | | | | | |

**સૂચના : નીચે આપેલા 1થી 10 પ્રશ્નોમાં આંકડાઓને એક ચોક્કસ નિયમાનુસાર અંક શ્રેણીમાં ગોઠવવામાં આવેલા છે. તેમાં એક અંક ખૂટે છે તે સ્થાને પ્રશ્નાર્થ (?) મૂકેલ છે. જેમાં આપેલા ચાર વિકલ્પોમાંથી બંધબેસતો વિકલ્પ શોધો.**

| | |
|---|---|
| **1.** | **1, 4, 9, ?, 25, 36**<br>Ⓐ 15 Ⓑ 16 Ⓒ 20 Ⓓ 18 |
| **2.** | **2, 4, 13, 26, 24, 48, 35, ?**<br>Ⓐ 46 Ⓑ 70 Ⓒ 72 Ⓓ 60 |
| **3.** | **2, 5, 9, 14, 20, ?**<br>Ⓐ 26 Ⓑ 25 Ⓒ 27 Ⓓ 28 |
| **4.** | **17, 25, 41, 73, ?**<br>Ⓐ 137 Ⓑ 105 Ⓒ 81 Ⓓ 127 |
| **5.** | **1.1, 2.3, 3.5, 4.7, ?**<br>Ⓐ 5.5 Ⓑ 5.7 Ⓒ 5.8 Ⓓ 5.9 |
| **6.** | **$1, \frac{1}{3}, \frac{1}{9}, \frac{1}{27},$ ?**<br>Ⓐ $\frac{1}{36}$ Ⓑ $\frac{1}{81}$ Ⓒ 2 Ⓓ $\frac{1}{45}$ |
| **7.** | **52, 26, 104, 52, 208, ?**<br>Ⓐ 114 Ⓑ 94 Ⓒ 104 Ⓓ 52 |
| **8.** | **80, 69, 60, 53, ?**<br>Ⓐ 43 Ⓑ 47 Ⓒ 46 Ⓓ 48 |
| **9.** | **$\frac{1}{2}, \frac{3}{4},$ ?, $\frac{7}{16}, \frac{9}{32}$**<br>Ⓐ $\frac{5}{8}$ Ⓑ $\frac{5}{9}$ Ⓒ $\frac{5}{6}$ Ⓓ $\frac{6}{8}$ |
| **10.** | **1, 2, 5, ? , 17, 26**<br>Ⓐ 13 Ⓑ 9 Ⓒ 10 Ⓓ 11 |

Alankar® Publication

કુલ સમય : 180 મિનિટ

# N.M.M.S. - 2021

કુલ ગુણ : 180

**તારીખ : 17/04/2022**

**પરીક્ષાનો સમય 3 કલાક**

બેઠક નં : | | | | | | |

**સૂચના : નીચે આપેલા 1થી 10 પ્રશ્નોમાં આંકડાઓને એક ચોક્કસ નિયમાનુસાર અંક શ્રેણીમાં ગોઠવવામાં આવેલા છે. તેમાં એક અંક ખૂટે છે તે સ્થાને પ્રશ્નાર્થ (?) મૂકેલ છે. જેમાં આપેલા ચાર વિકલ્પોમાંથી બંધબેસતો વિકલ્પ શોધો.**

| | |
|---|---|
| **1.** | **4, 9, 19, 34, ?**<br>Ⓐ 44 Ⓑ 49 Ⓒ 54 Ⓓ 59 |
| **2.** | **7, 14, 42, 168, ?**<br>Ⓐ 336 Ⓑ 504 Ⓒ 672 Ⓓ 840 |
| **3.** | **34, 33, 29, 20, ?**<br>Ⓐ 4 Ⓑ 16 Ⓒ 12 Ⓓ 10 |
| **4.** | **48, 12, 4, 2, ?**<br>Ⓐ 1 Ⓑ 2 Ⓒ 0 Ⓓ -1 |
| **5.** | **3, 10, 45, 220, ?**<br>Ⓐ 545 Ⓑ 995 Ⓒ 1095 Ⓓ 1075 |
| **6.** | **4, 7, 25, 10, ? , 20, 16, 19**<br>Ⓐ 13 Ⓑ 15 Ⓒ 14 Ⓓ 17 |
| **7.** | **83, 73, 93, 63, ?, 93, 43**<br>Ⓐ 83 Ⓑ 73 Ⓒ 53 Ⓓ 78 |
| **8.** | **11, 12, 13, 13, 15, ?, 17**<br>Ⓐ 14 Ⓑ 16 Ⓒ 17 Ⓓ 19 |
| **9.** | **140, 68, 32, 14, ?**<br>Ⓐ 5 Ⓑ 6 Ⓒ 7 Ⓓ 8 |
| **10.** | **4, 27, 16, 125, 36, ?**<br>Ⓐ 49 Ⓑ 216 Ⓒ 64 Ⓓ 343 |

Alankar® Publication

કુલ સમય : 180 મિનિટ

# N.M.M.S. - 2022

કુલ ગુણ : 180

**તારીખ : 12/02/2023**

**પરીક્ષાનો સમય 3 કલાક**

બેઠક નં : | | | | | | | |

**સૂચના : નીચે આપેલા 1થી 5 પ્રશ્નોમાં દરેકમાં ચાર આકૃતિઓ આપેલી છે. તે પૈકીની એક આકૃતિ બાકીની ત્રણ આકૃતિઓથી જુદી પડે છે. આ જુદી પડતી આકૃતિ શોધો.**

| | |
|---|---|
| 1. |  Ⓐ Ⓑ Ⓒ Ⓓ |
| 2. |  Ⓐ Ⓑ Ⓒ Ⓓ |
| 3. |  Ⓐ Ⓑ Ⓒ Ⓓ |
| 4. |  Ⓐ Ⓑ Ⓒ Ⓓ |
| 5. |  Ⓐ Ⓑ Ⓒ Ⓓ |

Alankar® Publication